
**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૪ ડીગ્રી
લઘુતમ : ૨૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૮૭ ટકા

# આજે શ્રાવણનો અંતિમ દિવસ ઉજવાશે

## શકિત પ્રમાણે ભકિત કરવી : પ.પૂ. ફૂલશંકર શાસ્ત્રી



ગાંધીનગર, તા.૨૯

આજે અમાસ અને પવિત્ર શ્રાવણમાસનો છેલ્લો દિવસ. શહેરીજનોએ વિવિધ રીતે પુરા શ્રાવણ માસ દરમિયાન શિવજીની ભકિત કરી તેમને રીઝવવાની કોશીશ કરી. શહેરના દરેક મંદિરોમાં આ માસ દરમિયાન ભીડ જામતી હતી. ભગવાન માટે ઉપવાસ કરવાની પ્રથા જે વર્ષોથી ચાલતી આવે છે તે મુજબ નાના મોટા દરેકે શ્રાવણ માસના વ્રત ઉપવાસ પણ કર્યા અને આજના દિવસે દરેક ભકત પોતાના વ્રતનું ઉજવણું કરશે.

આમ તો ભગવાનની ભકિત કરવા માટે દિવસ રાત જોવાતા નથી પરંતુ શ્રાવણ માસ શિવજીની ભકિત કરવ માટે મહત્વનો અને પવિત્ર ગણાય છે. આ દરમિયાન ભકતો તેમની પૂજા અર્ચના અને વ્રત ઉપવાસ કરીને ભગવાનને રીઝવવાનો પ્રયત્ન કરે છે. શહેરના મંદિરોમાં ભગવાનના દર્શન અર્થે ભીડ જામી હતી. ખાસ શ્રાવણના સોમવારે પણ ભકતો મંદિરમાં ઉમટી પડયા હતા.

શહેરના ધર્માચાર્ય પરમ પૂજય ફૂલશંકર શાસ્ત્રીજીના કહ્યા મુજબ, શ્રાવણ મહિનાનો છેલ્લો દિવસ એ ભગવાન માટે કરેલા વ્રતની સમાપ્તી છે. કોઈ પણ કાર્ય જયારે કરીએ તે પછી તેને મધુરતાથી પૂર્ણ કરવું આ પવિત્ર મહિનો ભગવાનના ભકિત કાર્યનો છે. જેમાં કરેલા વ્રત તપ આજે પૂર્ણ થશે. ભારતીય સંસ્કૃતિમાં ઉદ્યાપન એટલે કે ઉજવણું શબ્દનો ઉપયોગ વધુ છે એટલે કે કોઈ પણ વ્રત-ઉપવાસનુ ઉજવણું કરવું પડે છે. જેમાં વ્યકિત પોતાની શકિત અને ભકિત મુજબ યોગ્ય વ્યકિતને જમાડે તથા દાન દક્ષિણા આપે છે. મહિમા છે કે બાળકો, બ્રાહ્મણો, સૌભાગ્ય વતી સ્ત્રીઓ, શિવજીના પૂજારીને જમાડવા અને દાન દક્ષિણા આપવી અથવા તો ગાયોને ઘાસચારો નાંખવો અને કંઈ પણ થઈ શકે તેમ ન હોય તો યોગ્ય વ્યકિતને થાળી ભરી સીધું આપીને પણ વ્રતનું ઉજવણું કરી શકાય છે. શકિત પ્રમાણેની ભકિત ભગવાન શંકરને અર્પણ કરવી.

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● સમસ્ત બ્રહ્મ સમાજ સે-૧૩ દ્વારા ડૉ. દિનેશભાઈ પંડયાના નિવાસસ્થાન જી-૧ ટાઈપ ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા દેવેન્દ્રસિંહ ચાવડાના નિવાસસ્થાન કે-૧૫૯, ન્યુ ગ્રીનસીટી ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● રામધામ વાવોલ ખાતે બપોરે ૩.૩૦ થી ૬.૩૦ દરમિયાન દેવી ભાગવત કથા વિશ્રામ.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે હેમેન્દ્રભાઈ દવેના નિવાસસ્થાન ૧૩૩૩/૨, સે-૭-ડી ખાતે શિવરૂદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● શ્રી રંગ અવધૂત પરિવાર સે-૨૮ દ્વારા રાત્રે ૮.૧૫ કલાકે દિપકભાઈ દવે દ્વારા લઘુરૂદ્ર કાર્યક્રમ યોજાશે.

### પ્રજાપતિ સમાજ દ્વારા પરિવાર પરિચય દર્પણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

ખાખરિયા છાસઠ પ્રજાપતિ સમાજ મિત્ર મંડળ દ્વારા તા. ૧ સપ્ટેમ્બરના રોજ સાંજે ૩ થી ૬ દરમિયાન સે-૧૨ સ્થિત આંબેડકર ભવન હોલ ખાતે 'પરિવાર પરિચય દર્પણ' કાર્યક્રમ યોજાશે.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

● સાહો
૯.૧૫, ૧૦.૧૫, ૧૧.૪૫, ૧૨.૫૦, ૧.૫૦, ૩.૨૦, ૫.૨૫, ૬.૫૫, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૩૦

● મિશન મંગલ
૧૦.૪૫, ૧.૦૦, ૪.૩૫, ૭.૨૫, ૧૦.૧૫

● બાટલા હાઉસ
૧.૩૫, ૧૦.૧૫ રાત્રે

● ધ એંગ્રી બર્ડસ મુવી-૨
૩ડી હિન્દી-૯.૩૫ સવારે

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

● સાહો
૯.૧૫, ૧૨.૫૦, ૪.૨૫, ૮.૦૦, ૧૦.૧૫, ૧.૫૦, ૫.૨૫, ૯.૦૦, ૧૧.૧૫, ૨.૫૦, ૬.૨૫, ૧૦.૦૦

● મિશન મંગલ
૯.૩૦

● બાટલા હાઉસ
૧૦.૧૫, ૧.૨૫, ૪.૨૦, ૭.૧૫, ૧૦.૦૦

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

● સાહો
૮.૦૦, ૯.૦૦, ૧૦.૪૦, ૧૧.૪૦, ૧૨.૪૦, ૨.૨૦, ૩.૨૦, ૪.૨૦, ૬.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૯.૪૦, ૧૦.૪૦, ૧૧.૪૦

● મિશન મંગલ
૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦

● બાટલા હાઉસ
૧.૩૦, ૭.૩૦




## બીબીએના વિદ્યાર્થીઓ બાલાજીની મુલાકાતે

ગાંધીનગરના સેટર-૨૩ની બીબીએ કોલેજના વિદ્યાર્થીઓએ અભ્યાસક્રમના ભાગરૂપે રાજકોટ ખાતેની બાલાજી વેફર્સની ફેકટરીની મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં ૬૨ વિદ્યાર્થીઓ જોડાયા હતા જેમણે કંપનીના ડિરેકટર કનુભાઈ વિરાણી સાથે પણ વાર્તાલાપ કરી ઉપયોગી જાણકારી પ્રાપ્ત કરી હતી.

# સે-૫ માંથી પકડેલા ત્રણ પશુઓને પણ અન્ય શખ્સો છોડાવી ગયા

## સિવિલ કેમ્પસમાંથી જપ્ત કરેલો સામાન પણ ટીમ પાસેથી કોઈ શખ્સો લઈ ગયા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના ઢોરવાડામાંથી તાજેતરમાં અજાણ્યા શખ્સોનું ટોળુ રાત્રીના સમયે ૧૮૦ થી વધુ ઢોરને છોડાવી ગયું હતું. જેની ફરીયાદ નોંધાતા પોલીસ તંત્રએ ગંભીર નોંધ લેતા તાત્કાલીક અસરથી ૧૩ શખ્સોને પકડી પાડ્યા હતા. જયારે મનપાની ઢોર પકડવાની ઝુંબેશ તેજ બનાવાઈ છે. ત્યારે આજે સેકટર-૫ માં તંત્રના કર્મચારીઓએ ઢોર પકડયા હતા. જેને પગલે ત્રણ અજાણ્યા શખ્સો આવી પહોંચ્યા હતા અને પોતાના ઢોર છોડાવી ગયા હતા. જેની અરજી સેકટર-૭ પોલીસ મથકે ઢોર પકડ પાર્ટી દ્વારા કરાઈ છે. ત્યારે સિવિલ હોસ્પિટલના ગેટ પાસે લારી ગલ્લાના અસંખ્ય દબાણો ઉભા થઈ ગયા છે. સિવિલ કેમ્પસમાં નડતર રૂમ દબાણ હટાવવાની કામગીરી હાથ ધરી હતી. દબાણ કર્મચારીઓએ દબાણકર્તાઓનો સામાન જપ્ત કર્યો હતો અને પરત ફરી રહ્યા હતા તે સમયે અચાનક ત્રણ થી ચાર જેટલા ઈસમો આવી ગયા હતા. દબાણ ટીમને અપશબ્દો બોલીનો તમામ માલસામાન છોડાવી ગયા હતા. ત્યારે અસામાજીક તત્વોને કાયદાનો ડર રહ્યો ના હોય તેમ લાગી રહ્યું છે.

## સેકટર-૨૧ શોપીંગ સેન્ટરમાં પાર્કીંગ માટે ફુવારા અને બગીચા દૂર નહિ કરવા રજુઆત

ગાંધીનગર, તા.૨૯

સેકટર-૨૧ના બંને શોપીંગ સેન્ટર પાસે પાર્કીંગના નામે ફુવારા અને બગીચા દુર કરવાની ચર્ચાતી વાતો સામે ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે ગંભીર ચેતવણી આપેલ છે. રોજબરોજ ખરીદી માટે હજ્જારો નાગરિકોની અવરજવર છે. તહેવારોમાં સંખ્યા વધી જાય છે ત્યારે આપત્તિના સમયે મોકળાશવાળી ખુલ્લી જગ્યા હોવી જરુરી છે. ફુવારા-બગીચા દુર કરવા આત્મઘાતી પગલું ગણાશે. આની જાળવણી માટે મહાનગરપાલિકાએ સ્ટાફ મુકવો જોઈએ.

અપનાબજારને શોપીંગ સેન્ટર, શાક માર્કેટ પાસેનું ડિસ્ટ્રીકટ શોપીંગ વચ્ચે સરકારી કવાટર્સ દુર કરી આ જગ્યાને રીડેવલપ કરવાનું સુચન નાગરિક પરિષદે કરેલ છે જેથી વાહન વ્યવહાર તેમજ પાર્કીંગ માટે ખુલ્લી જગ્યા મળશે.

આ મીટીંગ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષપદે મળેલ હતી જેમાં આ મુદ્દે ગંભીરતાપૂર્વક ચર્ચાયો હતો. બેઠકમાં એચ.બી. વરિયા, ભાનુપ્રસાદ પુરાણી, એસ.ડી.આર. મલિક, નિરંજનભાઈ ઓઝા, જીવણલાલ પરમાર, જીતેન્દ્રભાઈ ત્રિવેદી, સુમંતભાઈ શાહ, રાજેન્દ્રભાઈ પારેખે ઉપસ્થિત રહીને મહત્વના સુચનો કર્યા હતા.



સેક્ટર ૫ એમાં આવેલ પંચમુખી મહાદેવના મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસમાં દરરોજ સવારે રાધાકૃષ્ણ મંડળની બહેનો દ્વારા શિવ મહિમ્ન સ્તોત્રના પાઠ અને શિવપૂજા કરવામાં આવેલ. આજરોજ મંદિર ખાતે લઘુરૂદ્ર યજ્ઞનું યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. જેમાં સેકટર પની બહેનોએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો . યજ્ઞના કાર્યને સફળ બનાવવા નીરૂબેન નાયક તેમજ રાધાકૃષ્ણ મંડળની બહેનો અને મંદિરની સમિતિના સભ્યો સર્વશ્રી જાડેજા બાપુ તેમજ રાવલભાઈ વિગેરેએ સહયોગ આપી ધાર્મિક કાર્યની પૂજાવિધિમાં ભાગ લીધો હતો.

## સે-૨૮ ગાર્ડન પાસેથી બાઈક ચોરાયું

ગાંધીનગર, તા. ૨૯

શહેરમાં બાઈક ચોર બેફામ બની ગયા છે. શહેરના નાગરીકોના બાઈક ગણતરીની મિનીટમાં ગાયબ થઈ જાય છે. શહેરના માર્ગો પર લાગેલા સીસીટીવી કેમેરા અને સતત સઘન પેટ્રોલીંગ વચ્ચે પણ બાઈક ચોરો પોલીસની નજરમાં આવતા નથી. ગાંધીનગર શહેરના સેકટર-૨૮ ગાર્ડન પાસેથી ગતરોજ સાંજના સુમારે બાઈકની ઉઠાંતરી થવા પામી છે. બાઈક માલિકે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સરસપુર અમદાવાદ ખાતે રહેતા જીતુભાઈ છગનભાઈ મેજીયાતર ઉં.વ.૨૪ અને તેના મામાનો દિકરો કરશનભાઈ શિવાભાઈ કુવારીયા રહે. ૯૯૯૯ હેલ્થ સ્ટાફ કવાટર્સ કામદાર મેદાન ગોમતીપુરથી ગત રોજ સાંજના સુમારે બાઈક નં. જી.જે.૨૭.બી.જી.૫૭૦૮ સેકટર-૨૮ ગાર્ડન ખાતે ફરવા માટે આવ્યા હતા. ગાર્ડનમાં ફરીને માત્ર ગણતરીના કલાકોમાં પરત ફર્યા હતા. બંન્ને ભાઈઓએ જોયુ તો પાર્ક કરેલા સ્થળે પોતાનું બાઈક ન હતું. ગાર્ડનના આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી.પરંતુ બાઈક નહી મળતા પોલીસે હોન્ડા ડીયો કિ.૨૦ હજાર ગણીને ફરીયાદ નોધી વધુ તપાસ હાથ ધરી છે.

## આજે સે-૨૨માં ચૌદ સુયનની ઉછામણી અને સંગીતમય સ્વપ્ન દર્શનનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરમાં જૈન શ્રધ્ધાળુઓ પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વે ભકિત તપસ્યામાં લીન થયા છે. શહેરના સેકટર-૨૨માં જૈન સંઘના આંઘણે પૂ. ઉદયવલ્લભસૂરિ મ.સા. સહિત આચાર્યો ચાતુર્માસ કરી રહ્યા છે. શુક્રવારે પર્યુષણનો પાંચમો મહત્વનો દિવસ છે જયારે ચૌદ સુયમ અંગેની ઉછામણી અને સંગીતમય સ્વપ્ન દર્શન જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

સેકટર-૨૨માં જૈન દેરાસર ખાતે શુક્રવારે સવારે ૮.૩૦ થી ૯.૩૦ દરમિયાન 'વર્ધમાનનું વૈભવી કુળ' વિષયે આચાર્યનું પ્રવચન યોજાશે. આ પછી તુરંત જ ચૌદ સુયન અંગેની ઉછામણી બોલાશે. સવારે ૧૧.૩૦ થી ૧ કલાક દરમિયાન સંઘ સ્વામિવાત્સલ્ય યોજાશે ત્યાર બાદ બપોરે ૧.૩૦ થી ૪.૩૦ દરમિયાન સંગીતમય સ્વપ્નદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં એક અદભૂત માહોલ સર્જાશે. આ ધાર્મિક કાર્યક્રમોનો શહેરના જૈન શ્રધ્ધાળુઓ તથા જૈનેતર ભાવિકો પણ મોટી સંખ્યામાં લાભ લેશે.

# નેશનલ સ્પોર્ટસ ડે નિમિત્તે માણસા ખાતે ત્રિદિવસીય રમતોત્સવ ઉજવાયો




ગાંધીનગર જિલ્લાના માણસા ખાતેની બ્લીસ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ભારતીય હોકીના જાદુગર તરીકે જાણીતા મેજર ધ્યાનચંદની જન્મજયંતિ જેને 'રાષ્ટ્રીય સ્પોર્ટસ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે તેની ઉજવણીના ભાગરૂપે ત્રિદિવસીય સ્ટેટ લેવલ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિવિધ રમતોનો સમાવેશ કરાયો હતો. આજે સ્પર્ધાના સમાપન પ્રસંગે સ્પર્ધામાં વિજેતા બાળકોને ટ્રોફી સહિતના ઈનામો એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે ગાંધીનગરના જાણીતા બિલ્ડર જગત કારાણી, સ્પોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના કોચ કે.સી. સુથાર, એક્ષ્પર્ટ કોચ બિરસિંગ યાદવ તથા હેડ કોચ મહમંદભાઈ કુરેશી ઉપસ્થિત રહ્યા હતા.

# નવા સચિવાલયમાં પાર્કિંગમાં વૃક્ષોના થડ પર વિકેસલી 'ફુગે' આશ્ચર્ય જન્માવ્યું...!!

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરમાં ચોમાસાની ઋતુમાં મૌસમ રોજ કરવટ બદલી રહી છે. જેમાં કયારેક વરસાદ તો કયારેક ઉઘાડ નીકળેલો જોવા મળે છે. આવી મસ્તીભરી મૌસમમાં શહેરની હરિયાળી પણ અવનવા સ્વરૂપ દેખાડી રહી છે. જે શહેરના પ્રકૃતિપ્રેમીઓ, વનસ્પતિ પ્રેમીઓ સહિત જીજ્ઞાસુઓને અચંબિત કરી રહી છે. શહેરમાં નવા સચિવાલય સંકુલ ખાતે પાર્કિંગ લોટની નજીકના વૃક્ષોનાં થડ પર જુદી જુદી ફુગ થતા આસપાસમાં મશરૂમ, બિલાડીના ટોપ તથા સેવાળ જેવું વગેરે જોવા મળી રહ્યું છે.

નવા સચિવાલયમાં બ્લોક નં. ૧૪ની સામેના પાર્કિંગ લોટમાં ઘટાદાર વૃક્ષો સારી એવી સંખ્યામાં છે. આ વૃક્ષોના થડ પર ઊંધા બિલાડીના ટોપ જેવી કઠણ ફુગ જોવા મળી છે જે નીચેથી અને બહારની કિનારીએથી સફેદ રંગનું અને મધ્યમાં નારંગી રગંનું આવરણ ધરાવે છે. આ ફુગને હાથેથી પકડીને ખેંચવા છતાં તોડી શકાતી નથી તેટલી કઠણ છે. શહેરના વનવિભાગના અધિકારી હેમંત સુથાર અને યુવા પ્રકૃતિ પ્રેમી અમિત ગોંડને આ ફુગની તસવીરો બતાડી અભિપ્રાય માંગતા જાણવા મળ્યું છે કે 'આ એક પ્રકારનું મશરૂમ જ છે જે ફુગની એક જાત છે, આ ફુગ બીજી વનસ્પતિ પર આશરો મેળવી વિકસે છે અને વરસાદ પછીના ભેજયુકત વાતાવરણમાં વૃક્ષોના થડમાં છાલમાં પડેલા કાપાઓમાં પેદા થતા સડામાંથી ઉદભવે છે.' હાલ તો સચિવાલયના કર્મચારીઓ અને મુલાકાતીઓ વાહન પાર્ક કરવા જતા આ ફુગ નિહાળી આશ્ચર્ય પામી રહ્યા છે.



## ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન દ્વારા પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૯


ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન ગુજરાત દ્વારા સંત શિરોમણી રોહીદાસ, શહિદવીર મેઘમાયા તથા તેજાનંદ સ્વામીની મૂર્તિઓની સ્થાપના તા. ૧ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ કલાકે સે-૩૦ સ્થિત મુકિતધામ ખાતે કરવામાં આવશે. જે અંતર્ગત એસોસિએશન દ્વારા પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા એસોસિએશનના પદાધિકારીઓ, કારોબારી સભ્યો, આજીવન સભ્યો તથા સમગ્ર જનતાને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# વાહન અને વીજળી તાપમાન વધારાના બે મુખ્ય તત્વો

ગાંધીનગર, તા.૨૯

વૈશ્વિક ટેમ્પરેચર સતત વધી રહ્યું છે ત્યારે સિડનીથી ફેલાયેલી 'અર્થ અવર'ની મુવમેન્ટ યાદ આવે છે. દર વર્ષે માર્ચ મહિનાના એક શનિવારે સાંજે સાતથી આઠના સમયમાં કલાક પૂરતી બિનજરૂરી લાઈટ્સ દરેકે 'ઓફ' કરી દેવાની. આને બહુ શક્તિશાળી પગલું ગણાયું છે. આમાં જરૂરી લાઈટ્સ અને તમામ પ્રકારે વાહનવ્યવહાર પર કોઈ લગામ નથી.

તાપમાનના વધારાના મૂળમાં બે મુખ્ય તત્ત્વો છે: વાહન અને વીજળી. જૈનાના સામાયિક ધર્મની આડઅસર પણ અહીં વિસ્મયકારી છે.




અંદાજે કલાક જેવું સામાયિક કરાય ત્યારે તમામ પ્રકારે વાહન, વીજળીના વપરાશ પર રોક લાગે છે. રોજના બે સામાયિક કરનારો, દૈનિક બે કલાક, મહિને ૬૦ કલાક એટલે કે અઢી દિવસ અને વર્ષે ૭૨૦ કલાક એટલે કે દર વર્ષે એક આખો મહિનો વાહન-વીજળીના વપરાશથી દૂર રહે છે.

લાખો જૈનો દ્વારા વર્ષે કરોડો સામાયિકો થાય છે. એક ધર્મક્રિયા તરીકે સામાયિક એ સમત્વ ગુણમાં, નિષ્પાદશામાં, નિવૃત્તિના આનંદમાં લીન થવા માટેની પ્રોસેસ છે. મુખ્યત્વે એ હેતુથી થતા સામાયિકનું બાય પ્રોડક્ટ પણ એટલું બધું આકર્ષક છે કે વિશ્વને સામાયિકનું ઘેલું લાગ્યા વગર ન રહે. જૈનોનો સામાયિકનો આચાર આધ્યાત્મિક લાભ સાથે વિશ્વસ્તરીય વધતા તાપમાન સામે પણ રામબાણ ઈલાજ છે. એક અંદાજ મુજબ માત્ર પર્યુષણ દરમ્યાન જૈનો આઠ કરોડથી વધુ સામાયિકનું આરાધના કરે છે. બાય ધી વે, અંદાજે પંદર હજાર જૈન સાધુ સાધ્વીજી જીવનભર આવા વિઘાતક વાહન વીજળીના વપરાશથી અળગા રહે છે. આનું મૂલ્યાંકન માત્ર બુદ્ધિના ત્રાજવે પણ સામાયિકના પરુપક મહાવીર સ્વામીને મનોમન નમી પડશે.

# સે-૧૬ સોમનાથ મંદિર ખાતે સાર્વજનિક ગણેશ મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરના સહયોગથી સોમનાથ મહાદેવ મંદિર દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન તા. ૨ સપ્ટેમ્બરથી ૬ સપ્ટેમ્બર દરમિયાન સે-૧૬ સ્થિત સોમનાથ મંદિર ખાતે કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તા. ૨ સપ્ટેમ્બરના રોજ સવારે શ્રીજીની શોભાયાત્રા સે-૧૩ સ્થિત કમલેશભાઈ ઉપાધ્યાયના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૧૮/૧થી નીકળશે અને સે-૧૬ સ્થિત સોમનાથ મંદિર ખાતે મૂર્તિની સ્થાપના થશે.

શોભાયાત્રા સે-૧૩ એ પ્લોટ નં. ૬૧૮/૧થી નીકળી સે-૧૨ શોપીંગ પાસેથી ઉમિયા માતાના મંદિર પાસેથી ઘ રોડ ઉપર ઘ-૪ અને ઘ સાડા ચાર થઈને નાગરિકે બેંક પાસેથી થી સે-૧૬ શોપિંગથી સે-૧૬ સોમનાથ મહાદેવ મંદિર ખાતે પૂર્ણ થશે.

આ ઉપરાંત ૨જી સપ્ટેમ્બરથી ૫ સપ્ટેમ્બર દરમિયાન રાત્રિના કાર્યક્રમો, તા.૨ સપ્ટેમ્બરના રાત્રે ૮ કલાકે આરતી, ૮.૩૦ કલાકે પ્લેબેક સીંગર નિલેશ વ્યાસનો કાર્યક્રમ, તા. ૪ સ્ટેમ્બરના રોજ રાત્રે ૮.૩૦ કલાકે મા-બાપને ભૂલશો નહી ફેમ અશ્વિન જોષીનો કાર્યક્રમ, તા. ૫ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ગોપાલ બારોટ અને સાથી કલાકારોનો ડાયરો અને તા. ૬ સપ્ટેમ્બરના રોજ વિસર્જન કાર્યક્રમ યોજાશે. પ્રમુખ પિનાકીન રાવલ અને મહામંત્રી નરેશ દવે દ્વારા શહેરીજનોને કાર્યક્રમનો લાભ લેવા જણાવાયું છે.

## ચિરવિદાય

● સ્વ. ચૌધરી ભીખાભાઈ મોતમભાઈ, ઉ.વ. ૫૮
● સ્વ. પ્રજ્ઞેશકુમાર જગદીશભાઈ પટેલ, ઉ.વ. ૩૫
● સ્વ. ધુળીબેન વરવાજી ઠાકોર, ઉ.વ. ૭૦
● સ્વ. જગદીશચંદ્ર બાબુરામ શર્મા, ઉ.વ. ૮૫